# –: આલમે બરઝખની ફરિયાદ :–

તીસરા ફાતેમી ઈમામ સૈયદુરરાકેઈન વસ્સાજેદીન મૌલાના ઝૈનુલઆબેદીન (અ.સ.) ની દોઆઓ ઘણી જ પુર અસર અને દર્દનાક હતી. અલ્લાહતઆલાની બારગાહમાં શિકવા શિકાયત, ફરિયાદ અને ગુનાહોની મગફેરત વાસ્તે આપનો તરીકો નિરાલો હતો. આપની ગિરયઓ ઝારી સાંભલીને ચરિન્દ-પરિન્દ હૈરાનો શશદર રહી જાતા. આપ હર વક્ત ફરમાવતા કે, **"અલ્લાહુમ્મજ અલ કબરી રવઝતમ મિન રિયાઝિલ જીનાન વલા તજઅલ કબરી હુફરતમ મિન હોફોરિન નીરાન."** માઅના : અય રબ્બુલ આલમીન ! તું મારી કબ્રને જન્નતની ક્યારીઓમાંથી એક ક્યારી બનાવજે અને જહન્નમનાં ખાડાઓમાંથી એક ખાડો ન બનાવીશ." યૌમે હિસાબ, યાઅની કયામતના દિન બાદ તો જન્નત અને જહન્નમ છે જ, પણ અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મેઅરાજથી શરફયાબ કીધા અને આસ્માની રૂહાની દાઅવતે ઈલાહીથી ફૈઝયાબ કીધા તો આપને જન્નત અને જહન્નમનાં સવાબ અને અઝાબનો મોઆએનો-નઝારો કરાવો. આ વાકેઆ પછી હમારા રસૂલ (સ.અ.વ.વ.) જે રહમતુલ લિલ આલમીન અને શાફેઉલ મુઝનેબીન હતા, હર વક્ત બયાનમાં મુમેનીનને જન્નતની બશારત આપતા અને જહન્નમનાં અઝાબોથી ખબરદાર કરતા. *આપ (સ.અ.વ.વ.) અને અહલુલ બૈત (અ.સ.) તેમજ અઈમ્મતિત તાહેરીન (અ.સ.) વક્તન ફ વક્તન મુમેનીનને આલમે બરઝખ યાઅની મૌત બાદ કબ્રમાં મુમીનનાં હાલાતની કૈફીયત ઘણી જ તફસીલ અને તૌઝીહાતથી બયાન ફરમાવતા જેથી મુમેનીન અલ્લાહના અઝાબથી ડરે અને આઅમાલે ખૈર તરફ પોતાને આમદા કરે.*

અહલુલ બૈત (અ.સ.) ની રિવાયતોમાં મન્કૂલ છે કે, રસુલુલ્લાહે (સ.અ.વ.વ.) ફરમાવું કે, "જે વક્ત મને બઅસત નસીબ નહોતી થઈ, હું નબી મબ્ઉસ ન્હોતો થયો, એ પહેલા હું મારા બકરા ઘેંટાને ચરાવવા દૂર લીલી વાદીઓમાં લઈ જાતો, તો કોઈક વકત હું મુશાહેદો કરતો કે મારા ઘેંટા-બકરાઓ એકાએક હૈરત અને ખૌફના બાઈસ એક જગા પર ઉભા રહી જાતા, મગર આજુબાજુ કોઈ વહેશી જાનવર નઝર ન આવતું. આજે પણ કોઈ વક્ત મુરઘા-મુરઘીઓ દાના ચુગતા ચુગતા એકાએક રૂકી જાય છે, આમતેમ નઝર નાંખે, કુતરાઓ એકાએક ભસવા લાગે છે, કબૂતર-કાગડાઓ એકાએક આમતેમ ઘાંઘા બનીને ઉડવા લાગે છે, મવૈશી જાનવર એકાએક દોડવા લાગે છે.....વગૈરા." આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "અલ્લાહતઆલાએ જે વક્ત મને વહ્ય મોકલવી શુરૂ કીધી, અને જીબ્રઈલ પૈગામે ઈલાહી લઈને આવતા, તો મેં તેમને આ તમામ જાનવરોની ચાલ-ઢાલમાં બદલાવ અને તેમના અમલે ખાસનાં બારામાં સવાલ કીધો તો જીબ્રઈલે મને જવાબમાં અરઝ કીધી કે, **અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ! આલમે બરઝખમાં યાઅની કે મુડદાની કબ્રમાં મૌજૂદગી વક્ત તેની ફરયાદો પુકારની આવાઝ ફઝામાં બલન્દ થાય છે.** તો ઈન્સાન અને જિન્નાત સિવાય આ તમામ બેઝબાન જાનવરો એ દર્દનાક સદાને સાંભલે છે, તેથી આ મુજબ અમલ કરે છે અને હૈરાની સાથે દાના ચુગતા ચુગતાં ઉભા થઈ જાય છે." આ એ વાતનો રદ્દે અમલ છે કે મુડદાઓ પર કબ્રમાં થાતા અઝાબથી અલ્લાહતઆલા જાનવરોને ખબરદાર કરે છે. અલ્લાહતઆલા તમામ મુમેનીનને ઈમામ ઝૈનુલઆબેદીન (અ.સ.) ની નિસ્ફીલ્લૈલની નમાઝનાં તુફૈલ અને વાસ્તાથી આ અઝાબે બરઝખથી મેહફૂઝ રાખે અને દાઈએ બર હક્કની રઝા અને રિઝા પર હમારો ખાતેમો બિલ ખૈર કરે. આમીન...

★